# નામકરણનું રાજકારણ

–આશા વીરેન્દ્ર

પત્નીના અવસાન પછી શેઠ દીનાનાથ સાવ એકલવાયા થઈ ગયા. પત્ની હતી ત્યાં સુધી બેઉને એકમેકનો આધાર હતો. આમ તો બબ્બે દીકરા હતા; પણ એક સ્થાયી થઈ ગયો હતો અમેરીકામાં અને બીજો ઓસ્ટ્રેલીયામાં. દીનાનાથજી હવે ઘણી વાર વીચારતા કે જો વરસો જુનો વીશ્વાસુ બુધીયો ન હોત તો પોતે શું કરત ?

‘બુધીયા, તું છે તો હું ટકી રહ્યો છું; નહીંતર હુંય તારી શેઠાણીની પાછળ જ ચાલી નીકળ્યો હોત !’

‘એવું હું બોલો છો હેઠ ! અમે તો તમારા રોટલા ખાઈને જ જીવતા છે.’ બુધીયો બે હાથ જોડીને ભક્તીભાવથી શેઠને કહેતો.

એવામાં એક દીવસ ગામમાંથી સમાજસેવી સંસ્થાના કાર્યકરો શેઠ પાસે પહોંચ્યા. ‘શેઠ, જમાનો કેવો આવ્યો છે ! જે મા–બાપે મોંમાંથી કોળીયો કાઢીને ખવડાવ્યો એમને છોડીને જતાં આજકાલના જુવાનીયાઓ ઘડીભર માટેય વીચારતા નથી.’

પહેલાં તો શેઠને લાગ્યું કે એ લોકો પોતાની જ વાત કરી રહ્યા છે. પણ હકીકતમાં તેઓ એક વૃદ્ધાશ્રમની દરખાસ્ત લઈને આવ્યા હતા. આમેય શેઠ દીકરાઓના વર્તનથી દુભાયેલા તો હતા જ ! મા જેવી મા મૃત્યુ પામી તોયે બેમાંથી એક્કેને ઘરે આવવાની ફુરસદ નહોતી મળી. એમાં વળી કાર્યકર્તાઓની રજુઆત સાંભળીને શેઠનું હૈયું મીણની જેમ પીગળવા લાગ્યું. એમને થયું કે, મારા જેવા બીજા કેટલાય હશે જેમને ઢળતી ઉંમરે કોઈ સહારાની જરુર હશે. આ સત્કાર્યમાં સાથ આપીશ તો એવા કેટલાય વયોવૃદ્ધ લોકોના આશીર્વાદ મળશે. ‘ફુલની પાંખડી’ની અપેક્ષાએ આવેલા કાર્યકારોના હાથમાં એમણે ‘ફુલોનો આખો ગુચ્છો’ જ મુકી દીધો !

‘ઠીક ચાલો, મારા મારા ફાર્મ–હાઉસની પચાસ લાખની જમીન હું વૃદ્ધાશ્રમ બનાવવા માટે દાનમાં આપું છું.’

શેઠનો જયજયકાર થઈ ગયો. મંત્રીશ્રીને બોલાવીને ખાતમુહુર્ત કરવામાં આવ્યું, ભવ્ય કાર્યક્રમ યોજાયો અને ખાલી જમીન પર મોટ્ટું બોર્ડ લગાવી દેવામાં આવ્યું – ‘શેઠ દીનાનાથ વૃદ્ધાશ્રમ માટેની જમીન.’

શેઠના નામનું બોર્ડ બીચારું મહીનાઓ સુધી કે કદાચ એકાદ વરસ સુધી ત્યાં ને ત્યાં ખોડાઈ રહ્યું. ફક્ત જમીન મળવાથી શું થાય ? મકાન બનાવવા માટે ફંડ–ફાળા ઉઘરાવવાની કાર્યકર્તાઓ મહેનત તો કરતા હતા; પણ બે–પાંચ હજારના ટીપે ટીપે સરોવર ભરાય એમાં વાર તો લાગે ને ! નાનાં નાનાં દાન તો ઘણાં મળતાં હતાં; પણ જો કોઈ મોટી રકમ આપનાર દાનેશ્વરી મળી જાય તો કામ ઝડપથી આગળ વધે. ત્યાં તો એક દીવસ –

‘સાંભળ્યું તમે ! ગઈ કાલે રાત્રે ઉંઘમાં જ દીનાનાથ શેઠનું અવસાન થઈ ગયું !’

‘અરેરે, આપણી સંસ્થાને તો મોટી ખોટ પડી ગઈ. આપણા એક જ બોલ પર એમણે આટલી બધી જમીન આપી દીધેલી !’

હજી તો શેઠના ગયાનો અફસોસ પુરો વ્યક્ત થાય ન થાય ત્યાં તો બીજા એક ખુશીના સમાચાર આવ્યા.

'વૃદ્ધાશ્રમ માટે કનૈયાલાલ શેઠ પચીસ લાખ આપવા તૈયાર છે; પણ એમનું નામ બોર્ડ પર લખાય તો જ.'

'આમેય જે જુનું બોર્ડ કેટલા વખતથી પડી ગયું છે એની કોઈને ખબરેય નથી. આટલા રુપીયા મળતા હોય તો નવા બોર્ડ પર લખી દઈએ એમનું નામ ! એમાં શું ?'

કારોબારીના સભ્યોની સમ્મતીથી નવા ચીતરાવેલા બોર્ડ પર લખવામાં આવ્યું, 'શેઠ દીનાનાથ તથા શેઠ કનૈયાલાલ વૃદ્ધાશ્રમ.'

હવે મકાનનું કામ જોરશોરથી ચાલવા લાગ્યું. રહેવાસીઓ માટેના ઓરડા, રસોઈ–ઘર, ભોજનખંડ, ટી.વી. અને લાઈબ્રેરી રુમ, એક નાનકડું મન્દીર – આ બધું જેમ જેમ બનતું ગયું તેમ તેમ વધુ ને વધુ નાણાંની જરુર ઉભી થવા લાગી. વળી પાછા કાર્યકરો ખભે થેલો લટકાવી નીકળી પડ્યા ! આ વેળા તો રાધેબાબુને પકડવા જ પડશે.

'આટલા મોટા વેપારી થઈને સાવ મુઠ્ઠી વાળી દો એ થોડું ચાલે ?' રાધેબાબુએ કંઈ વધુ રકઝક ન કરી. 'દસ લાખ આપું તો ખરો; પણ મારું નામ ક્યાં ને કેવી રીતે મુકશો ?'

'અરે સાહેબ, મુલાકાતીઓ માટેના ખંડના દરવાજા પર આરસની તક્તી લગાવીશું. એમાં મોટા, સુવર્ણ અક્ષરે લખાશે – 'સૌજન્ય : રાધેબાબુ પરીવાર.'

રાધેબાબુ ખુશ થઈ ગયા. ચાલો, બે નંબરનો પૈસો સારા કામમાં વપરાશે. વળી મોટો ફાયદો એ કે મારું નામ અમર થઈ જશે. બધું લગભગ પુર્ણતાને આરે પહોંચ્યું હતું. માત્ર કલાત્મક, ભવ્ય પ્રવેશદ્વારના પાંચ લાખ જ ઉભા કરવાના હતા. જીલ્લાના સાંસદશ્રી માટે એ કંઈ મોટી વાત નહોતી. એમને માટે તો આ ડાબા હાથનો ખેલ (કે મેલ ?) કહેવાય. એમ તો તેઓ ઉદાર હૃદયના હતા. એમણે કહ્યું,

'સાંસદ નીધીમાંથી આ રકમ ફાળવવા હું તૈયાર છું. પણ એ માટે મારી બે શરતો છે : એક તો એ કે, ઉદ્‌ઘાટન મારા શુભ હસ્તે જ થવું જોઈએ અને બીજું, મુખ્ય પ્રવેશદ્વાર પર મારું નામ આવવું જોઈએ.'

'એ તો એમ જ હોયને, કીશનસીંહજી ! આપે કહેવાની જરુર જ ન હોય. ઉદ્‌ઘાટન આપના વરદ્ કર–કમળથી થાય એમાં જ સૌની શોભા કહેવાય.' કાર્યકર્તાઓએ લળી લળીને સાંસદશ્રીની ખુશામત કરી.

પ્રવેશદ્વાર તો સુંદર બન્યું જ હતું; પણ એની પર ચમકતા, રુપેરી અક્ષરોથી લખાયેલું 'માનનીય સાંસદ શ્રી કીશનસીંહજી' બહુ ધ્યાનાકર્ષક લાગતું હતું. નીચે સાવ ઝીણા અક્ષરે લખેલું હતું 'પ્રવેશદ્વાર-સાંસદનીધી દ્વારા'. પણ એ અક્ષરો એટલા ઝીણા અને ઝાંખા હતા કે, એ તરફ કોઈનું ધ્યાન જાય એમ નહોતું. એની નીચે એક કમાન બનાવીને એની પર લખવામાં આવ્યું હતું – 'કનૈયાલાલ દીના વૃદ્ધાશ્રમ.' કનૈયાલાલનું નામ તો આગળ લખવું જ પડે કેમ કે, તેઓ હયાત હતા ને દીનાનાથનું 'દીના' થઈ જાય એનો વાંધો નહીં, એ તો હવે 'નાથ' પાસે પહોંચી ગયા હતા.

આ બધું નામનું કમઠાણ જે હોય તે; પણ લોકો તો એને 'કીશનસીંહજી આશ્રમ'ના નામથી જ જાણે છે. આ આખી વાર્તા સાંભળ્યા પછીય શું તમે કહી શકો કે, 'વોટ ઈઝ ધેર ઈન એ નેમ ?'

(ડૉ. શશી ગોયલની હીન્દી લઘુકથાને આધારે)
–આશા વીરેન્દ્ર
સર્જક–સમ્પર્ક :
બી–401, 'દેવદર્શન', હાલર, વલસાડ– 396 001 ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137
ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: દસમું – અંક: 305 – September 21, 2014
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

નવ વરસથી ચાલતી આ 'સ.મ.'ની 'સુ–વાચનયાત્રા'માં આજે આ 305મી રચના મોકલાઈ રહી છે.. એની સઘળી રચનાઓની અગીયાર 'ઈ.બુક્સ' થઈ છે અને તે સઘળી મફ્ત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, સાથેસાથે http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ તે મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી 'સ.મ.' તો 'કાવ્ય–ગઝલો'ની મુકાઈ ! જેમાં ગઝલો, સોનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈ.બુક્સ 'ગઝલ–કાવ્યસૃષ્ટી'ના નામે બનાવી, તે બન્ને ઈ.બુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf લીંક પર અને બીજી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો.. ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ...ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@

More than 3,10,78,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 34,94,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 6,87,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 98,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@